આંક–૩૪

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસર શ્રી પી.એ.માલવીયા સાહેબ સમક્ષ**

**રેફરન્સ (LCA) નંબર : ૧૨૫૫/૨૦૦૯**

પ્રથમ પક્ષકાર : ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેકટી ફાયર્સ (ઈન્ડીયા) લીમીટેડ,
હે.પ્લોટ નં.૨૩૩, ગુજરાત વેપારી મહામંડળ, ઓઢવ, અમદાવાદ.

**વિરૂધ્ધ**

બીજા પક્ષકાર : પ્રતાપસિંહ જેશીંગભાઈ ઝાલા,
C/o.સહકાર કામદાર યુનિયન,
હે.અજીત મીલ સામે, રખીયાલ રોડ, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી કે.એચ.પટેલ,
બીજા પક્ષકાર તરફે : વિ.પ્ર.શ્રી એસ.કે.કાઝી.

**–:: એ વો ર્ડ ::–**

(૧) હાલના રેફરન્સના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે ''**સામાવાળા**'' અને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવેલા છે.

(૨) આ કામના અરજદારને સામાવાળાએ નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રી અમદાવાદ સમક્ષ વિવાદ ઉત્પન્ન કરેલ અને તે કાર્યવાહીમાં સમાધાન નહીં થતાં સદરહુ વિવાદ મદદનીશ શ્રમ આયુકત, અમદાવાદના હુકમ ક્રમાંક : કેએચ/ એસએચએમસી/આર/ આઈડીઆર/૨૦૩/૦૯ પત્ર ક્રમાંક: ૩૦૩૫૮, તા.૫–૯–૦૯ થી અત્રેની કોર્ટને ન્યાય નિર્ણય અર્થે સુપરત કરેલ, જેની અનુસુચિ નીચે મુજબ છે.

શ્રી પ્રતાપસિંગ જેશીંગ ઝાલાને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

(૩) ઉપરોકત વિગતે અત્રેની કોર્ટમાં આ ઔદ્યોગીક વિવાદ ન્યાય નિર્ણય અર્થે સુપ્રત થતાં રેફરન્સ કેસ તરીકે દાખલ થયેલ અને ત્યારબાદ હાલનું કામ ખાતાકીય તપાસની દલીલના તબકકે કામ પેન્ડીંગ હોય ત્યારે અરજદારના પ્રતિનિધિશ્રીએ આંક–૩૩ થી પુરસીસ રજુ કરી જણાવેલ કે, અરજદારને વારંવાર જાણ કરેલ હોવા છતાં તેઓ હાજર રહેતા નથી, જેથી અરજદાર આવ્યેથી હાલનો કેસ ફરી રીઓપન કરવાની શરતે પાછો ખેંચે છે. સદરહુ પુરસીસ નોંધવામાં આવેલ છે. આમ જયારે અરજદાર હાલનો કેસ પરત ખેંચતા હોય ત્યારે આ કેસમાં બીજુ કંઈ કરવાનુ રહેતુ ન હોય, જેથી લોક–અદાલતમાં વિડ્રો થવાથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ઘ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલનો એવોર્ડ પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ : ૧૨–૦૩–૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

(પરવેઝઅહેમદ અલીમોહંમદ માલવીયા)
CODE : GJ00837
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.

J.B.KUNJERA,P.A.